साहित्य मंथन
भारते भातु भारती
# Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# 'નાનું-મોટું' **વાર્તા**માં પ્રયુક્તિઓનો વિનિયોગ

ગુજરાતી ટૂંકીવાર્તાના વિકાસક્રમમાં અનુઆધુનિક સમયગાળામાં માનવીય સંબંધોની સંકુલતા, આંતરમનની ગડમથલ અને લગ્નજીવનમાં પ્રવેશેલા અદૃશ્ય અજંપાને નિરૂપવા માટે સર્જકો વિવિધ કથન-પ્રયુક્તિઓનો આશ્રય લેતા રહ્યા છે. ઑક્ટોબર ૨૦૨૫ના 'શબ્દરવ' સામયિકના અંકમાં પ્રકાશિત અને યુવાવાર્તાકાર હિરેન દેસાઈના પ્રથમ વાર્તાસંગ્રહ 'સૂરજમુખીનો છેલ્લો છોડ'(૨૦૨૬)ની બાર વાર્તાઓ પૈકીની વાર્તા 'નાનું-મોટું' એક એવી જ નોંધપાત્ર વાર્તા છે. આ વાર્તા દેખીતી રીતે એક પતિ-પત્ની વચ્ચેના રોજેરોજના જીવનની સામાન્ય ઘટના લાગે છે, પરંતુ સર્જકે તેમાં મનોવૈજ્ઞાનિક ગૂંચવણો, પ્રતીકો, ભ્રમણા અને પ્રયુક્તિઓનો જે કુશળતાથી વિનિયોગ કર્યો છે, તે વાર્તાને એક ઊંડું પરિમાણ બક્ષે છે.

સાહિત્યકૃતિનું કલાત્મક સૌંદર્ય તેમાં પ્રયોજાયેલી ભાષા, સંવાદ, પ્રતીક, કલ્પન, મનોવિશ્લેષણ, વ્યંગ્ય, વર્ણન અને કથનરીતિ જેવી અભિવ્યક્તિની પ્રયુક્તિઓમાં પણ રહેલું હોય છે. વાર્તાકાર પોતાની સંવેદનાને વાચક સુધી પહોંચાડવા માટે વિવિધ ભાષાકીય અને કલાત્મક સાધનોનો વિનિયોગ કરે છે. આ પ્રયુક્તિઓ કથાવસ્તુને ગતિશીલ બનાવવાની સાથે પાત્રોના આંતરિક સંઘર્ષ, સામાજિક વાસ્તવિકતા અને માનવીય સંબંધોની જટિલતાને પણ ઉજાગર કરે છે.

'નાનું-મોટું' વાર્તા સમકાલીન શૈક્ષણિક પરિસર, દામ્પત્યજીવન, સ્ત્રીમન, શંકા, સંબંધોમાં અસલામતી અને સંસ્થાકીય નૈતિકતાના પ્રશ્નોને કેન્દ્રમાં રાખે છે. વાર્તામાં અલકેશ અને પૂજા પતિ-પત્ની તરીકે રજૂ થયાં છે. અલકેશ યુનિવર્સિટીમાં અધ્યાપક છે, જ્યારે પૂજા તેના બદલાયેલા વર્તનને કારણે માનસિક મૂંઝવણ અનુભવે છે. અલકેશ દ્વારા પ્રયોજાયેલું 'નાનું-મોટું' શબ્દયુગ્મ પૂજાના મનમાં અનેક સંભાવનાઓ જન્માવે છે અને સમગ્ર વાર્તાના અર્થઘટન માટે મહત્ત્વપૂર્ણ બને છે. વાર્તાકાર રોજિંદા દામ્પત્યજીવનના સામાન્ય પ્રસંગોમાંથી અસામાન્ય માનસિક તણાવનું નિર્માણ કરે છે.

વાર્તાનું કેન્દ્ર પૂજાનું આંતરમન છે. પૂજાના મનમાં રહેલી લઘુતાગ્રંથિ અને અસલામતીની ભાવના વાર્તાને ગતિ આપે છે. પોતે કૉલેજ અધૂરી છોડી દીધી છે અને તેનો પતિ એક યુનિવર્સિટીમાં પીએચ.ડી. થયેલો પ્રોફેસર છે, એ હકીકત પૂજાના અજ્ઞાત મનમાં સતત ડર પેદા કરે છે. અલકેશ જ્યારે યુનિવર્સિટીના પ્રશ્નો અંગે 'નાનું-મોટું' શબ્દ પ્રયોજે છે, ત્યારે પૂજાના મનમાં શંકાઓનું વાવાઝોડું શરૂ થાય છે. સર્જકે પૂજાના મનોવ્યાપારને આંતરચેતનાના પ્રવાહ દ્વારા આ રીતે આલેખ્યો છે:

"નાનું-મોટું' સાંભળતાં અનેક સવાલો પૂજાના ચિત્તમાં ફરી વળ્યા. નાનું-મોટું એટલે કે અફેઅર? કોઈ સ્ટુડન્ટની છેડતી? કરપ્શન? પોતાના સ્વાર્થ માટે સ્ટુડન્ટનો ઉપયોગ કરવો?" (પૃ. ૨૫)

અહીં અખબારના સમાચારો પૂજાના મગજમાં ઘર કરી જાય છે, જે આધુનિક યુગની મીડિયા દ્વારા ઊભી થતી સામાજિક અસલામતીની માનસિક અસરનો સચોટ નિર્દેશ કરે છે.

સર્જકે વર્તમાન સમયની ઘટનાઓ સાથે ભૂતકાળની સ્મૃતિ એટલે કે 'ફ્લેશબેક' ગૂંથીને વાર્તામાં સંઘર્ષ ઊભો કર્યો છે. પૂજા જ્યારે યુનિવર્સિટી પહોંચે છે, ત્યારે કૉલેજકાળની નિષ્ફળતાની સ્મૃતિઓ તેને ઘેરી વળે છે:

"છેલ્લા સત્રના ત્રણ વિષયમાં નાપાસ થવાને કારણે ડિગ્રી લીધા વગર જ કૉલેજ છોડી દીધાની વાતને ઉચ્છ્વાસની સાથે એણે બહાર ધકેલી દીધી." (પૃ. ૨૬)

આ સ્મૃતિ તરત જ પ્રો. દેવિકા શ્રીવાસ્તવના સંવાદ સાથે જોડાય છે. પૂજા અર્ધખુલ્લા બારણે સાંભળે છે:

"મુજે પતા હૈ કિ ઉસને એક કમ પઢી-લિખી લડકી સે ક્યોં શાદી કી હૈ! ... બ્યૂટીફૂલ વાઇફ મિલી હૈ..." (પૃ. ૨૭)

આ સંકેત પૂજાના મનમાં રહેલા ડરને સમર્થન આપે છે.

વાર્તાની સૌથી નોંધપાત્ર પ્રયુક્તિ ક્લાસરૂમના દૃશ્યમાં પ્રયોજાઈ છે, જ્યાં વાસ્તવ અને ભ્રમ વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ જાય છે. એક 'ફેન્ટસી' જન્મે છે. પૂજા વર્ગખંડની બહાર ઊભી છે પણ તેનું અસલામત મન અખબારના સમાચારો અને વર્ગની યુવતીઓના હાવભાવનું એક ભ્રામક 'મોન્ટાજ' રચે છે.

"ધીમે ધીમે બેન્ચ પરથી વિદ્યાર્થીઓને ખસેડીને એનું સ્થાન ન્યૂઝપેપરના મોટા મોટા ટુકડાઓ લેવા માંડ્યા... એણે જોયું કે અલકેશને એક છોકરી પ્રપોઝ કરી રહી છે... ત્રીજી છોકરી તો ગોલ્ડ મેડલ માટે અલકેશ સામે શરીરની ચામડી સિવાયનાં બીજાં તમામ આવરણો દૂર કરવા માટે પણ તૈયાર છે." (પૃ. ૨૮)

અહીં અક્ષરો મોટા થવા, પૂજાની આંખો ઝીણી થવી અને શ્રીવાસ્તવના શબ્દોનું કાનમાં ગુંજવું – આ બધું જ ફેન્ટસી અને સિનેમેટિક ટેકનિકની યાદ અપાવે છે, જે પૂજાની તૂટતી માનસિક અવસ્થાનો ચિતાર આપે છે.

વાર્તાના અંતિમ ભાગમાં સર્જકે બાહ્ય વાતાવરણ અને આંતરિક મનોસ્થિતિનો અદ્ભુત સમન્વય સાધ્યો છે. વરસાદ, વાછટ, બંધ બારીઓ અને ઈનડોર પ્લાન્ટ – આ તમામ તત્ત્વો પ્રતીકાત્મક રીતે પ્રયોજાયા છે.

"બારીના ધૂંધળા થઈ ગયેલા કાચમાંથી એને બહારનું કશું જ દેખાતું નહોતું." (પૃ. ૨૯)

આ ધૂંધળો કાચ એ પૂજા અને અલકેશના સંબંધોમાં આવેલી અપારદર્શિતાનું પ્રતીક છે. પૂજાને વાછટ અંદર આવવાનો ડર લાગે છે:

"વાછટની સાથે પવન પણ ઘરમાં ઘૂસી જશે તો... પૂજાને ડર લાગ્યો. ઈનડોર પ્લાન્ટની ચિંતા સળવળી. પડખું ફરીને એ ટૂંટિયું વળી ગઈ. બંનેની પીઠ સામસામે હતી." (પૃ. ૩૦)

અહીં 'ઈનડોર પ્લાન્ટ' એ પૂજાનું પોતાનું પ્રતીક છે. જેવી રીતે ઈનડોર પ્લાન્ટ બહારના તોફાન કે વાતાવરણનો સામનો કરી શકતો નથી, તેવી જ રીતે પૂજા પણ અલકેશની યુનિવર્સિટીની બાહ્ય અને સંકુલ દુનિયાનો સામનો કરી શકતી નથી.

અનુઆધુનિક વાર્તાઓ મોટેભાગે વાચાળ હોતી નથી, તેમાં મૌન ઘણું બધું કહી જાય છે. વાર્તાનો અંત આ મૌનથી જ આવે છે. અલકેશ અને પૂજા વચ્ચેના સંવાદોમાં જે નથી કહેવાયું, તે વધુ મહત્ત્વનું છે. અલકેશનો થાક અને તેનો બચાવ, જ્યારે પૂજાનો ભય – આ બંને વચ્ચે અંતે કોઈ સમાધાન થતું નથી.

"અલકેશની આંખો બારી બહારનું દૃશ્ય સ્પષ્ટ કરવા ખેંચાતી રહી. જવાબ આપવાને બદલે એણે મૌનનો હાથ થામ્યો." (પૃ. ૩૦)

આમ, હિરેન દેસાઈએ 'નાનું-મોટું' વાર્તામાં માનવીય સંબંધોમાં પ્રવેશતી શંકા, શૈક્ષણિક અસમાનતામાંથી જન્મતી લઘુતાગ્રંથિ અને દાંપત્યજીવનના અજંપાને અત્યંત માવજતપૂર્વક આલેખ્યો છે. વાર્તાકાર પાત્રો પાસે 'ભાષણબાજી' કરાવવાને બદલે ફ્લેશબેક, ફેન્ટસી, પ્રતીકો, આંતરપ્રવાહ જેવી પ્રયુક્તિઓનો સફળ વિનિયોગ કરીને વાર્તાને ઉચ્ચ સ્તરે લઈ જાય છે. અંતે એક વાત ઉમેરવી છે કે સર્જક હિરેન દેસાઈ પાસેથી કિશોર સાહસકથા 'ધ રેડ ક્રોસ'(૨૦૨૧) અને નવલકથા 'રંભાસુર'(૨૦૨૩) પણ પ્રાપ્ત થાય છે.

**(સૂરજમુખીનો છેલ્લો છોડ, હિરેન દેસાઈ, આર.આર. શેઠ., પ્રથમ આવૃત્તિ. ૨૦૨૬)**

**સંદર્ભગ્રંથ**


૧. રચનારીતિ : સંજ્ઞા અને સમ્પ્રત્યય, ભરત પંડયા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૦.

૨. અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં રચનાપ્રયુક્તિઓ, નરેશ શુક્લ, સાહિત્યસેતુ ઈ-જર્નલ, Year-3, Issue-2, Continious issue-14, March-April 2013

ડૉ. હાર્દિક પ્રજાપતિ
(MA,UGC-NET,GSET,PGDSC,COPA,SI,Ph.D.)
મુ. સબોસણ, તા.જિ. પાટણ.
hardikkumar672@gmail.com